p


# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૦૫–૮– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# દેશના જીડીપીમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો સિંહફાળો છે ત્યારે એના વિકાસ ઉપર ધ્યાન આપવું જરૂરી છે

સુરતઃ ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડિસ્ટ્રી,ગુજરાત સ્ટેટ કાઉન્સિલ અને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને ધ્યાનમાં રાખીને ધિરાણ આપવાના મહત્વની ચર્ચા માટે યોજાયેલી કોન્ફરન્સના મંચ ઉપરદેશના જીડીપીમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોનો સિંહફાળો છે ત્યારે એના વિકાસ ઉપર ધ્યાન આપવું જરૂરી છે એ વિશે વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી.

કોન્ફરન્સના ઉદઘાટન સત્રમાં આમંત્રિતોનું સ્વાગત કરતાં ફિકિની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીના સભ્ય અને ચેમ્બરના પુર્વ પ્રમુખશ્રી રજનીકાન્ત મારફતિયાએ કહયું હતું કે,એમએસએમઈ સેકટર દેશના ઔદ્યોગિક વિકાસની કરોડરજ્જૂ સમાન છે અને એટલે જ સરકારે પણ એને પ્રોત્સાહન આપવા માટે અલાયદુ એમએસએમઈ મંત્રાલય બનાવ્યું છે.ફિકિ પણ એ દિશામાં કામગીરી કરે છે.આજની કોન્ફરન્સ પણ સુરત અને દક્ષિણ ગુજરાતના એમએસએમઈ સેકટરના વિકાસને ધ્યાને રાખીને જ યોજવામાં આવી છે.

કોન્ફરન્સમાં ચર્ચનારા વિષયોની પૂર્વભૂમિકા બાંધતા આઈએસઈડીના ડાયરેકટર અને એમએસએમઈની વર્કિંગ કમિટીના સભય ડો.પી.એમ.મેથ્યુએ કહયું હતું કે,આ સેકટર માટે ધિરાણ એ પાયાનો પ્રશ્ન છે.દેશના અર્થતંત્ર માટે પણ આ સેકટરનો વિકાસ અનિવાર્ય બાબત છે અને એટલે જ દેશના જુદા જુદા રાજયો અને પ્રાંતોને ધ્યાનમાં રાખી સમગ્ર એમએસએમઈ માટે એવી નીતિ ઘડી કાઢવાની જરૂર જેનાથી આ સેકટરનો વિકાસ ઝડપી બને.

ચેમ્બર પ્રમુખશ્રી રોહિત મહેતાએ પોતાના વકતવ્યમાં સુરત અને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ભુમિકાનો ઉલ્લેખ કરતાં કહયું હતું કે,સુરતના બંને મોટા ઉદ્યોગો ટેક્ષ્ટાઈલ અને ડાયમન્ડમાં એસએમઈનું પ્રમાણ નોંધપાત્ર છે.તેમણે કહયું હતું કે,ચેમ્બર પણ એ દિશામાં એમએસએમઈ અને એસએમઈ સેકટરને મદદરૂપ થવાના આશયથી ગયા વર્ષે એનએસઆઈસી સાથે એમઓયુ કર્યા છે.ઉત્સાહી ઉદ્યોગ સાહસિકો સામે  ફાઈનાન્સ તેમજ અન્ય સ્ત્રોતોની મર્યાદા એ મોટો પડકાર બને છે ત્યારે આજની આ કોન્ફરન્સમાંથી એના ઉકેલ માટેના અનેક વિકલ્પો મળી રહેશે એવો મને વિશ્વાસ છે.

ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પરેશ પટેલે ઉદઘાટન સત્રના સમાપન વકત્વ્યમાં કહયું હતું કે,જો એમએસએમઈ કે એસએમઈને ફંડ સરળતાથી મળતું હોય તો તેઓ તેમનું પુરૂ ધ્યાન પ્રૅાડકશન અને માર્કેટિંગ ઉપર આપી શકે અને આ સેકટરનો વિકાસ ધાર્યા મુજબનો થઈ શકે.આજે અહીં થનારી ચર્ચા આ સેકટર માટે મહત્વપૂર્ણ પુરવાર થશે.તેમણે કોન્ફરન્સમાં સહભાગી થનારા તમામ વકતાઓ અને સંસ્થાઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

પ્રથમ સત્રમાં 'ફાઈનાન્સિંગ ઓપ્શન્સ ફોર એસએમઈ' અંતર્ગત એસએમઈક્ષેત્રને સરળતાથી ધિરાણના વિકલ્પોની સઘન ચર્ચા થઈ હતી.કોન્સેપ્ટ સીકયુરિટીઝ પ્રા.લિ.ના એમ.ડી.શ્રી હેમન્ત દેસાઈના અધ્યક્ષપદ હેઠળ આઈએફસીઆઈ ફેકટર્સના ચીફ સ્ટ્રેટેજી એન્ડ માર્કેટ્ટિગ શ્રી સૌમેન્દ્ર ઘોષ,બીએસઇ એસએમઈ એક્ષ્ચેન્જના સીનિયર મેનેજરશ્રી અજય ઠાકુર,એવીપી,બ્રાન્ડ કેપિટલ લિ.નાશ્રી રાજેશ શર્મા તથા ક્રિસિલ રેટીંગ્સના શ્રી અરૂણરાજ રાજમોહને પ્રેઝન્ટેશન સાથે વર્કિંગ કેપિટલ,ફેકટરીંગ,બીએસઈ એસએમઈ એક્ષ્ચેન્જ,બ્રાન્ડ કેપિટલ,ક્રિસિલ રેટીંગનું મહત્વ તેમજ ક્રિસિલ રેટીંગ મેળવવાની પ્રક્રિયા વિશે વિસ્તૃત સમજ આપી હતી.

બીજા સત્રમાં 'ફાઈનાન્સિંગ ઓપ્શન્સ ફોર ન્યૂ સ્ટાર્ટ અપ્સ' વિશે વિસ્તૃત ચર્ચા થઈ હતી.ચેમ્બરના ત.ભુ.પ્રમુખ ડૉ.અજોય ભટ્ટાચાર્યના અધ્યક્ષપદે બેન્ક ઓફ ઈન્ડિયાના વડોદરા ઝોનના ડીજીએમ અને ઝોનલ મેનેજર શ્રી વિનોદ નાડકર્ણી તથા ફેડરલ બેન્કના એનીએમ શ્રી રાકેશ બી.માથુરે પ્રેઝન્ટેશન સાથે એસએમઈ માટેની બેન્કોની નીતિઓ,નવા સાહસિકોએ રાખવાની તકેદારીઓ,સરકાર ધ્વારા જાહેર થતી યોજનાઓની જાણકારીનું મહત્વ, તથા એસએમઈ માટેની યોજનાઓની  જાણકારી આપી હતી.

ત્રીજા સત્રમાં 'ઈસ્યુઝ ઈન એસએમઈ ફાઈનાન્સિંગ' વિશે પેનલ ચર્ચામાં આઈએસઈડીના ડાયરેકટર અને એમએસએમઈની વર્કિંગ કમિટીના સભય ડો.પી.એમ.મેથ્યુના અધ્યક્ષપદ હેઠળ ચેમ્બરના ગૃપ ચેરમેનશ્રી હેતલ મહેતા,સમધાન એડવાઈઝસ  પ્રા.લિ.ના ડાયરેકટર શ્રીમુકેશ બોથરા અને એસબીઆઈ ગલોબલ ફેકટસ  લિ.ના ડીજીએમ શ્રીઅશોક કાપડિયાએ એસએમઈ સેકટરને નડતી મુશ્કેલીઓ તથા એના ઉકેલ માટેની ચર્ચા થઈ હતી.

આ આયોજનમાં ઈન્સ્ટીટયૂટ ઓફ સ્મોલ એન્ટરપ્રાઈસ ડેવલપમેન્ટ અને ફેડરલ બેન્કનો સહકાર સાંપડયો હતો તેમજ ક્રિસિલ આ ઈવેન્ટના નોલેજ પાર્ટનર તરીકે જોડાયા હતા તેમજ સુરત અને દક્ષિણ ગુજરાતના એસએમઈક્ષેત્રના પ્રતિધિઓ, તેમજ નવા ઉદ્યોગ સાહસિકો,ઈનોવેટર્સ,બેન્કર્સ,ફાઈનાન્સિયલ કંપનીઓ,કન્સલટન્ટસ તથા ટેક્ષ નિષ્ણાતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.